આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૨૬ | ૨૫ ઓક્ટોબર, ૨૦૧૨, ગુરૂવાર; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પલ્લીના મેળામાં માનવ મહેરામણ

જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ ખાતે મોડી સાંજે મેળાનો પ્રારંભ : રૂપાલ પલ્લી મેળામાં જિલ્લા પોલીસનો ચાંપતો બંદોબસ્ત : એસપીના સુપરવિઝન હેઠળ ૫૦૦ થી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ ખાતે આજે મોડી સાંજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિજયાદશમી પર્વે ઉજવાતા પલ્લીના મેળાનો પ્રારંભ થયો છે. આ મેળાને ધ્યાને રાખી તંત્રએ પુરતી વ્યવસ્થાઓ કરી છે એટલુ જ નહિ પણ આ મેળાનું લાઈવ ટેલિકાસ્ટ પણ સ્થાનિક કેબલ ઓપરેટરોની મદદથી કરવામાં આવી રહ્યું છે.

પ્રસિદ્ધ પલ્લીના મેળામાં ભાગ લેવા માટે ભક્તજનો મોટી સંખ્યામાં રૂપાલમાં ઉમટી રહ્યા છે અને તેની અસર આજે વાહન વ્યવહાર પર પણ જોવા મળતી હતી. ગાંધીનગર, માણસા અને કલોલ ડેપોમાંથી ૭૦ થી પણ વધુ બસો આ મેળામાં ભાગ લેવા જતા માઈભક્તો માટે મુકવામાં આવી છે. એટલુ જ નહિ ત્યાં ભાગદોડ ના થાય તે માટે રૂટને પણ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. તેમજ પાર્કિંગની અલાયદી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે.

ગાંધીનગરના સુપ્રસિદ્ધ રૂપાલ પલ્લી મેળામાં દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા ઉપસ્થિત રહે છે. ત્યારે આ વર્ષે પણ ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટે તેવી શક્યતાને પગલે જિલ્લા પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે. રૂપાલના પરંપરાગત પલ્લી મેળામાં એસ.પી.ના સુપરવિઝન હેઠળ ૫૦૦ થી વધુ સુરક્ષા કર્મીઓને તૈનાત કરી દેવાયા છે. જેમાં ૧૭૦ હોમગાર્ડ, ૧ પ્લાટુન એસ.આર.પી., એલ.સી.બી. એસ.ઓ.જી. પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા ખડે પગે રહેશે.

રૂપાલ પલ્લી મેળામાં ગાંધીનગર જિલ્લા પોલીસ વડાના સુપરવિઝન હેઠળ ૨ ડીવાયએસપી, ૭ પી.આઈ. સહીત ૫૦૦ થી વધુ સુરક્ષા કર્મીઓનો કાફળો બંદોબસ્તમાં રહેશે. જેમાં ૨૯ પી.એસ.આઈ., ટ્રાફિક પોલીસ સહિત ૩૦૦ પોલીસ કર્મીઓ, ૪૦ મહિલા પોલીસ, ૧ પ્લાટુન એસ.આર.પી., ૧૭૦ હોમગાર્ડઝ સહિતનો કાફલો લોખંડી સુરક્ષા વ્યવસ્થા પુરી પાડશે. પલ્લીમેળામાં લાખોની સંખ્યામાં ભક્તોનું આવનાર ધોડાપુર દરમ્યાન કોઈ અવ્યવસ્થા ન સર્જાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે એસ.ઓ.જી. અને એલ.સી.બી. ઉપરાંત ક્યુ.આર.ટી. પણ ખડે પગે રહેશે. વાહન પાર્કિંગથી માંડીને તમામ વ્યવસ્થાઓ પર પોલીસ ધ્યાન રાખીને સુચના મુજબ કામગીરી કરશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ બનાવવા કવાયત

એન.આર.એચ.એમ.ના ડાયરેક્ટર શ્રી અનિશ માંકડે વીસ દિવસમાં બે વખત સિવિલની મુલાકાત લીધી એન.એ.બી.એચ. માટેની ત્રુટીઓ દૂર કરી તાબડતોબ આ દિશામાં આગળ વધવાના મળતા સંકેતો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. ઈન્સ્પેકશન બાદ હવે આ હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ તરીકે વિકસાવવાની દિશામાં પ્રયાસો હાથ ધરાયા છે. આ અંગેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ આગામી એક વર્ષમાં જ આ હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ તરીકે વિકસાવવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મોડેલ હોસ્પિટલ તરીકે વિકસાવવાની યોજનાના ભાગરૂપે એન.આર.એચ.એમ.ના ડાયરેક્ટર શ્રી અનિશ માંકડે છેલ્લા વીસ દિવસમાં બે વખત સિવિલ હોસ્પિટલના રાઉન્ડ લીધા છે એટલુ જ નહિ તેમણે કેટલાક મહત્વના પગલાંઓ ભરવા માટે પણ તંત્રને તાકીદ કરી છે.

શ્રી માંકડની પ્રથમ મુલાકાત દરમ્યાન તેમને હોસ્પિટલની સ્વચ્છતાને લઈ આકરી ટકોરો કરી હતી તો બીજા રાઉન્ડમાં તેઓ એન.એ.બી.એચ.ના અનુભવી અધિકારીઓને લઈ આવ્યા હતા.

મળતી વિગતો મુજબ દેશમાં પ્રથમ સરકારી હોસ્પિટલ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર

● અનુસંધાન પાન-૭ પર



રાવણ દહન - સત્યનો અસત્ય પરનો વિજય એટલે રાવણ દહન... વર્ષોથી રાવણનું દહન કરવાની ભારતીય સંસ્કૃતિની પરંપરા આજે પણ અકબંધ છે. સમાજમાં ફૂલતા - ફાલતા ભ્રષ્ટાચાર, દૂરાચાર, અહંકાર જેવા દૂષણોને ડામવા પ્રતિકાત્મક રાવણ દહન કરાય છે. રામે રાવણનો વધ કર્યો એ આપણી શ્રદ્ધાનો સંકેત છે કે સત્યનો અસત્ય પર વિજય થાય છે. અહંકાર પર સત્યનો વિજય થાય છે... દૂષણોને ડામવા સત્ય પ્રહાર કરે છે. આ પ્રતિકાત્મક પરિભાષાને સાંસ્કૃતિક માહોલમાં ઢાળવા પ્રયાસરૂપે પ્રતિવર્ષ વિજયાદશમી - રાવણદહન યોજાય છે... ગાંધીનગરના સેક્ટર-૭ડી, સેક્ટર-૬સી અને હિંમતનગર ખાતે યોજાયેલ રાવણ દહનની તસવીરમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

આવતીકાલનો ઉજાસ - ગાંધીનગરની ઓળખસમા કલ્ચરલ ફોરમના નવલી નવરાત્રી ઉત્સવની મેગા ફાઈનલના વિજેતાઓની આ તસવીર નગરની આવતીકાલની સાંસ્કૃતિક તાસીર ઉપસાવે છે... નગરના બાળકો અને યુવાનોની લય, તાલ અને શબ્દ સાથે અભિવ્યક્તિ ખૂબ અભિનંદનીય બનતી જાય છે. મધ્ય ગુજરાતના વિસ્તારમાં ગાંધીનગરના ગરબા વખણાય છે. ગાંધીનગરના ગ્રુપો અને ગાંધીનગરના યુવા ખેલૈયાઓ ભારે જહેમત કરી નવરાત્રીને અનોખા અંદાજમાં ઉજવે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ નગરના યુવા કલાકારોને મંચ અને મહોલ આપવા નવરાત્રી મહોત્સવનું અસરકારક આયોજન કરી અલૌકિક અને અદ્દભૂત વાતાવરણ સર્જવામાં અગ્રેસર રહે છે. મંગળવારની મધ્યરાત્રિ બાદ એક એકથી ચડિયાતા કલાકારો વચ્ચે એક કલાકની રસાકસીભરી મેગા ફાઈનલે ભારે આકર્ષણ જમાવ્યું હતું. નવલી નવરાત્રી - ૨૦૧૨ના વિજેતા ગરબા ખેલૈયાઓની હરખાતી તસવીર નગરની આવતીકાલનો ઉજાસ દર્શાવે છે.... (તસવીર : દિપક જાની)

સી.આર.પી. કેમ્પની સાત મહિલા કોન્સ્ટેબલને ખોરાકી ઝેરની અસર

ચોળાફળી-કઢી ખાધા બાદ ઝાડા-ઉલ્ટી થઈ જતાં તમામને હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા સી.આર.પી. કેમ્પમાં આજે સવારે નાસ્તા પાણી બાદ મહિલા કોન્સ્ટેબલો પૈકી સાત મહિલા કોન્સ્ટેબલોને એકાએક ઝાડા ઉલ્ટી થઈ જવા પામી હતી. પ્રાથમિક સારવાર સી.આર.પી. કેમ્પની હોસ્પિટલમાં લીધા બાદ સાતેય મહિલા કોન્સ્ટેબલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. તબીબી સુત્રોના જણાવ્યા મુજબ બિન આરોગ્યપ્રદ ખોરાકને પગલે ફુડ પોઈઝનીંગની અસર થઈ હોવાની શક્યતા છે. હાલ તમામ મહિલા કોન્સ્ટેબલોની તબીયત સુધારા પર છે.

ગાંધીનગર-ચિલોડા રોડ પર આવેલી સી.આર.પી. કેમ્પમાં સવારે નાસ્તો કર્યા બાદ સાત મહિલા કોન્સ્ટેબલોને ખોરાકી ઝેરની અસર થઈ જવા પામી હતી. મળતી માહિતી મુજબ મહિલા કોન્સ્ટેબલોએ ચોળાફળી અને કઢી આરોગી હતી. ત્યાર બાદ સાત મહિલા કોન્સ્ટેબલોની તબીયત લથડી જવા પામી હતી. અને ઝાડા-ઉલ્ટીની ફરીયાદો શરૂ થઈ ગઈ હતી. તાત્કાલીક સી.આર.પી. કેમ્પની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા બાદ સાતેય દર્દીને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી હતી. ઈમર્જન્સી વોર્ડમાં સારવાર આપ્યા બાદ તેમને ફીમેલ મેડીકલ વોર્ડમાં દાખલ કરી સારવાર અપાઈ રહી છે. સી.આર.પી. કેમ્પનાં પાણીમાં અથવા બિન આરોગ્યપ્રદ ખોરાકને પગલે આ સ્થિતિ સર્જાઈ હોવાનું તબીબોનું માનવું છે. ઉલ્લેખનીય છે કે ફુડ પોઈઝનીંગની અસર પામેલ દર્દીઓ પૈકી એક પણની હાલત ગંભીર ન હોવાથી આરોગ્યતંત્રએ રાહતનો દમ લીધો છે.

મુખ્ય ચૂંટણી કમિશનર સંપટ ૩૦મીએ ગુજરાત આવશે

રોકડ નાણાની હેરફેરના પ્રશ્ને ભાજપ અને કોંગ્રેસ દ્વારા પંચને રજુઆત થશે : પંચના આક્રમક વલણથી નારાજગી

ગાંધીનગર, તા. ૨૪

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર એ. એ. સંપત આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની બે તબક્કે યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં મુખ્ય ચૂંટણી કમિશનર દરેક રાજકીય પક્ષો સાથે ચર્ચા કરશે. આ ઉપરાંત ચૂંટણી દરમિયાન રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ તમામ જિલ્લા કલેક્ટરો સાથે પણ બેઠક યોજીને જરૂરી સૂચના આપશે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની વિધિવત જાહેરાત કરાયા બાદ આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરી દેવાયો છે. જેમાં રૂપિયા ૨.૫૦ લાખથી વધુ રોકડની હેરફેર સામે રાજ્ય ચૂંટણી પંચે કડકાઈ દાખવીને પગલાં લેતા તેની સામે ભાજપ-કોંગ્રેસ તથા ગુજરાત વેપારી મહામંડળે પણ રજુઆતો કરી હતી. પરંતુ ચૂંટણી પંચે પુરાવા ન હોય તેવી રોકડ રકમ જપ્ત કરવાનું વલણ ચાલુ રાખ્યું છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર સંપતને આ સંદર્ભે રજુઆત કરીને આવેદનપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સનું પ્રતિનિધિમંડળ પણ મુખ્ય ચૂંટણી કમિશનરને મળીને દિવાળીના ટાણે રોકડ નાણાંની હેરફેર માટે છૂટછાટ

● અનુસંધાન પાન-૭ પર

દશેરા નિમિત્તે ક્ષત્રિય બંધુઓ દ્વારા કરવામાં આવેલા શસ્ત્ર પૂજનની આ તસવીર છે. પરંપરાગત વસ્ત્રોમાં શસ્ત્રોમાં સજ્જ થઈને શિસ્તબદ્ધ બેસીને વિધિ-વિધાન પ્રમાણે ક્ષત્રિય બંધુઓ દ્વારા મંગળવારે સમૂહમાં શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના સ્ટીલ્ટ્રાક ટાયર-ટ્યુબ ટાયર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

લાભ ઉઠાવો
વિવેકાનંદ એકેડમી ખાતે
GPSC, Dy.SO,BANK, POST, CLERK...
દરેક બેચમાં મર્યાદિત પ્રવેશ આપવાની સંસ્થાની સિદ્ધાંત હોવાથી હાલની તમામ બેચમાં સંખ્યા પૂર્ણ થઈ જવાથી
પ્રવેશ સંપૂર્ણ બંધ છે.
નવી બેચ દિવાળી પછી તા.૨૫-૧૦-૨૦૧૨થી
સાંજે ૬.૩૦ થી ૮.૩૦ (સોમવારે સાંજે) શરૂ થશે.
વિવેકાનંદ એકેડમી M:99256 98721